For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### કેમિકલના કારણે વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ ફેલાતાં SOGને જાણ કરાઈ

# લસુન્દ્રા-સુભેલાવ રોડ પર જોખમી વેસ્ટ કેમિકલ ઠાલવી તત્વો ફરાર

**રસ્તાની** બંને બાજુ અંદાજે ૨૦૦ મીટરના વિસ્તારમાં કેમિકલ ઠાલવાયું હોવાની આશંકા





(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

વડોદરા જિલ્લાના મંજુસર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા લસુન્દ્રા ગામની સીમમાં લસુન્દ્રાથી સુભેલાવ તરફ જતા રોડ પર અજાણ્યા ટેન્કરચાલકો દ્વારા વેસ્ટ કેમિકલ ઠાલવી દેવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે. કેમિકલના કારણે વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ ફેલાતાં એસઓજીને મળેલી બાતમીના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં રસ્તાની બંને બાજુ ગોચરની જમીન અને ખાડાઓમાં કેમિકલ ઠાલવવામાં આવ્યું હોવાનું જણાયું હતું.

એસઓજીને ખાનગી બાતમીદાર પાસેથી માહિતી મળી હતી કે લસુન્દ્રા ગામની સીમમાં સુભેલાવ તરફ જતા રસ્તાની બાજુમાં તેમજ સીમ વિસ્તારમાં અજાણ્યા વાહનચાલકો વેસ્ટ કેમિકલ ઠાલવીને જતા રહ્યા છે. આ કેમિકલના કારણે જમીન, માનવજીવન અને પશુ-પક્ષીઓને નુકસાન થવાની શક્યતા હોવાથી પોલીસ સ્ટાફે સ્થળ પર પહોંચી તપાસ કરી હતી.

તપાસ દરમિયાન રસ્તાની ડાબી બાજુ ગોચરની જમીન પર આવેલા ખાડાઓમાં આશરે 100 મીટરના વિસ્તારમાં તથા રસ્તાની જમણી બાજુ આશરે 200 મીટર દૂર અન્ય સ્થળે પણ અંદાજે 100 મીટરના વિસ્તારમાં જમીન પર અને ખાડાઓમાં વેસ્ટ કેમિકલ ઠાલવવામાં આવ્યું હોવાનું જણાયું હતું. કેમિકલ જમીનમાં ઉતરી ગયું હોવાની સાથે તે સુકાઈ ગયેલું પણ જોવા મળ્યું હતું.જાહેર અને પર્યાવરણીય સલામતી માટે જોખમી બની શકે તેવી આ ઘટનામાં અજાણ્યા વાહનચાલકો દ્વારા કેમિકલ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને કોના દ્વારા ઠાલવવામાં આવ્યું હતું પોલીસ દ્વારા આ જોખમી કેમિકલ ઠાલવનાથ શખ્સોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### કંપનીમાંથી હેઝાર્ડ્સ કેમિકલની હેરાફેરી થતી હોવા છતાં GPCBને કોઈ પડી નથી

# ઝેરી કેમિકલ ઠાલવતા માફિયાને છૂટો દોર, GPCBની કામગીરી અનેક સામે સવાલો..!

**વારંવાર** જાહેરમાં કેમિકલ દોડી દેવામાં આવતું હોવા છતાં જીબીસીબીના જવાબદાર અધિકારીઓની નિષ્ક્રિયતા હોવાના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

વડોદરા જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં કંપનીઓમાંથી નીકળતા ઝેરી કેમિકલનો જાહેરમાં નિકાલ કરવાની પ્રવૃત્તિ સામે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી)ની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે. કંપનીઓમાંથી નીકળતા જોખમી કેમિકલને ટેન્કરોમાં ભરીને માનવવસ્તીની નજીક, હાઈવેની આસપાસ અને ખુલ્લી જગ્યાઓમાં ઠાલવી દેવામાં આવતું હોવાની ફરિયાદો સામે આવતી રહે છે. આવી પ્રવૃત્તિથી આસપાસના વિસ્તારોમાં અસહ્ય દુર્ગંધ ફેલાવાની સાથે પર્યાવરણ અને માનવજીવનને નુકસાન થવાની ભીતિ ઊભી થઈ છે.

કેમિકલના બેફામ નિકાલને કારણે સ્થાનિક રહેવાસીઓના આરોગ્ય પર ગંભીર અસરો થવાની આશંકા છે. આ ઉપરાંત પશુ-પક્ષીઓના જીવન સામે પણ જોખમ ઊભું થઈ શકે છે. તેમ છતાં, જોખમી કેમિકલનો ગેરકાયદે નિકાલ કરતા કંપની સંચાલકો અને તેમાં સંડોવાયેલા કર્મચારીઓ સામે જીપીસીબી દ્વારા અસરકારક કાર્યવાહી થતી ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

કંપનીઓમાંથી નીકળતા કેમિકલને ટેન્કરો મારફતે એક સ્થળેથી બીજા સ્થળે લઈ જઈને અલગ-અલગ જગ્યાએ ઠાલવવામાં આવતું હોવાની ચર્ચા વચ્ચે જીપીસીબીના અધિકારીઓની કામગીરી સામે પણ પ્રશ્નો ઊઠ્યા છે. આવી પ્રવૃત્તિઓને રોકવા માટે નિયમિત તપાસ, દેખરેખ અને જવાબદારો સામે કડક કાર્યવાહી જરૂરી હોવા છતાં તંત્રની સક્રિયતા દેખાઈ રહી છે.

દરમિયાન, લસુંધરા વિસ્તારમાં ફરી કોઈ કંપનીમાંથી ઝેરી કેમિકલ ઠાલવી દેવામાં આવ્યું હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવતાં ચકચાર મચી છે. આ ઘટનાને પગલે કેમિકલના નિકાલ પાછળ કોણ જવાબદાર છે, કેમિકલ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને તેનો નિકાલ રોકવા માટે જીપીસીબી દ્વારા શું પગલાં લેવામાં આવ્યાં છે તેવા સવાલો ઊભા થયા છે.

હવે જીપીસીબીના અધિકારીઓ સ્થળ તપાસ કરીને કેમિકલના નમૂના લે છે કે નહીં, જવાબદાર કંપની સુધી પહોંચીને કડક કાર્યવાહી કરે છે કે કેમ અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા કેવાં પગલાં ભરે છે તેના પર સૌની નજર છે. નોંધનીય છે કે લસુંધરાની ઘટનામાં કેમિકલનો સ્ત્રોત અને જવાબદારોની ઓળખ સત્તાવાર તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

## બેવડી ઋતુનો અનુભવ, વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અહેસાસ

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

શહેરમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે, જ્યારે બપોરે ગરમીનો અહેસાસ થાય છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા રિપોર્ટ મુજબ વડોદરાનું મહત્તમ તાપમાન સામાન્ય કરતા 1.2 ડિગ્રી વધુ નોંધાયું છે.

હવામાન વિભાગ મુજબ વડોદરામાં મહત્તમ તાપમાન 37.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતા 1.2 ડિગ્રી વધુ છે. જ્યારે લઘુત્તમ તાપમાન 22.0 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા 0.1 ડિગ્રી ઓછું છે. છેલ્લા 24 કલાકમાં વરસાદ નોંધાયો નથી. સવારે ભેજનું પ્રમાણ 72 ટકા અને સાંજે 45 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 7 દિવસ સુધી વડોદરામાં હવામાન મુખ્યત્વે ચોખ્ખું રહેશે અને કોઈ ચેતવણી નથી. આગામી દિવસોમાં તાપમાન 35 થી 36 ડિગ્રીની આસપાસ સ્થિર રહેવાની શક્યતા છે, જેથી શહેરીજનોને દિવસે ગરમી અને સવાર-સાંજ ગુલાબી ઠંડીનો અનુભવ થશે.

### છાણી ગુરુદ્વાર પાસે બનેલી ઘટનાને પગલે અફરાતફરી મચી

# પૂરઝડપે દોડતી EV કારે આગળ જતી CNG કારને ટક્કર મારતા ગેસ લીકેજ

**સદનસીબે** કારમાં સવાર ત્રણેય મુસાફરોનો આબાદ બચાવ, મોટી દુર્ઘટના ટળી




(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૨

છાણી ગુરુદ્વાર પાસે પૂરઝડપે આવી રહેલી એક ઈલેક્ટ્રિક કારના ચાલકે આગળ જઈ રહેલી CNG કારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં CNG કારમાંથી ગેસ લીકેજ થવા લાગતા થોડીવાર માટે આસપાસના લોકોમાં ભારે અફરાતફરી અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. જોકે, સદનસીબે કારમાં સવાર ત્રણેય વ્યક્તિઓનો ચમત્કારિક બચાવ થયો હતો અને કોઈ જાનહાનિ થઈ ન હતી.

વડોદરાના છાણી ગુરુદ્વાર પાસે હાઈવે અને સર્વિસ રોડ પર વાહનોની અવરજવર ચાલુ હતી. તે દરમિયાન પાછળથી પૂરઝડપે પૂરપાટ વેગે આવી રહેલી એક EV કારના ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને આગળ જઈ રહેલી CNG કારને પાછળથી ધડાકાભેર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભીષણ હતી કે CNG કારનો પાછળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો.

અકસ્માત એટલો જોરદાર હતો કે ટક્કર વાગતાની સાથે જ CNG કારની પાછળની સિસ્ટમ ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી અને તેમાંથી ગેસ લીકેજ થવાનું શરૂ થઈ ગયું હતું. હવામાં ગેસની ગંધ પ્રસરતા જ ઘટનાસ્થળે હાજર લોકોમાં મોટો ડર ફેલાઈ ગયો હતો કે ક્યાંક આગ ન લાગી જાય. આસપાસના જાગૃત નાગરિકોએ તાત્કાલિક દોડી આવીને સાવચેતીના ભાગરૂપે બંને ગાડીઓની વીજળી અને બેટરી કનેક્શન બંધ કરાવ્યા હતા અને તંત્રને જાણ કરી હતી. આ અકસ્માતમાં CNG કારમાં આગળ અને પાછળ મળીને કુલ ત્રણ લોકો સવાર હતા. ત્રણેયનો આબાદ બચાવ થતા રાહતના શ્વાસ લીધા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ટ્રાફિક વ્યવહાર પૂર્વવત કરી વધુ તપાસ હાથ ધરી છે. પૂરઝડપે વાહન ચલાવતા બેફામ ચાલકો સામે ટ્રાફિક પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે.

### વડોદરા બ્રાન્ચના 3 વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા રેન્ક મેળવી શહેરનું ગૌરવ વધાર્યું

# CA ઈન્ટરમીડિયેટ પરીક્ષામાં વડોદરાનો દબદબો હર્ષ સરવૈયાએ મેળવ્યો ઓલ ઈન્ડિયા 16મો રેન્ક

**સપ્ટેમ્બર** 2026 પરીક્ષામાં વડોદરા બ્રાન્ચમાંથી 1325 વિદ્યાર્થીઓ આપી પરીક્ષા, 306 વિદ્યાર્થીઓ થયા પાસ - 23.09% પરિણામ




(પ્રતિનિધિ) વડોદરા,તા.22

ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા લેવાયેલી સીએ ઈન્ટરમીડિયેટ સપ્ટેમ્બર 2026ની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે, જેમાં વડોદરા બ્રાન્ચનો શાનદાર દેખાવ જોવા મળ્યો છે.

વડોદરા બ્રાન્ચ દ્વારા જાહેર કરાયેલા એનાલિસિસ મુજબ, કુલ 1325 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 306 વિદ્યાર્થીઓ સફળ થયા છે. વડોદરા બ્રાન્ચનું કુલ પરિણામ 23.09% રહ્યું છે. બંને ગ્રુપમાં 473 વિદ્યાર્થીઓ બેઠા હતા, જેમાંથી 70 વિદ્યાર્થીઓએ બંને ગ્રુપ પાસ કર્યા છે, જે 14.80% થાય છે. પ્રથમ ગ્રુપમાં 584 વિદ્યાર્થીઓ પૈકી 113 વિદ્યાર્થીઓ 19.35% અને બીજા ગ્રુપમાં 268 વિદ્યાર્થીઓ પૈકી 58 વિદ્યાર્થીઓ 21.64% પાસ થયા છે. આ પરીક્ષામાં વડોદરા બ્રાન્ચના 3 વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા રેન્ક મેળવી શહેરનું ગૌરવ વધાર્યું છે. વડોદરાના ટોપર્સમાં હર્ષ સરવૈયા - સિટી રેન્ક 1 - કુલ 468 માર્ક્સ - AIR 16. વ્રજેશ શાંતિલાલ પરમાર - સિટી રેન્ક 2 - કુલ 438 માર્ક્સ - AIR 46. મનુષ શર્મા - સિટી રેન્ક 3 - કુલ 435 માર્ક્સ - AIR 49. આ ઉપરાંત કાંઝરિયા હર્ષ કરમશીભાઈ 423 માર્ક્સ અને ચૌધરી પાર્થ રમેશભાઈ 420 માર્ક્સ એ અનુક્રમે સિટીમાં ચોથો અને પાંચમો ક્રમ મેળવ્યો છે. ઓલ ઓવર ઈન્ડિયાના પરિણામની વાત કરીએ તો ગ્રુપ-1 માં 23.14%, ગ્રુપ-2 માં 18.92% અને બંને ગ્રુપમાં 13.21% પરિણામ નોંધાયું છે, જેની સરખામણીમાં વડોદરા બ્રાન્ચનું પરિણામ ઉત્કૃષ્ટ રહ્યું છે.

### રૂપિયા 30 લાખ અને બે મકાન ક્યાંથી લાવીને આપવાનો હતો તેની તપાસ થશે

# સોમાતળાવ થયેલી હત્યા કેસમાં ચારેય આરોપીના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર

**આરોપીઓના** મોબાઇલની કોલ ડીટેલ મંગાવાઇ, આરોપીઓને લુણાવાડા ખાતે લઈ જવાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

વડોદરાના સોમાતળાવ સ્વાગત પાર્ટી પ્લોટ બહાર નિલેશ વણઝારાની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવાના ચકચારી કેસમાં કોર્ટે ચારેય આરોપીઓના પાંચ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. જૂની અદાવતનો બદલો લેવા રચાયેલા આ કાવતરામાં પુનમ વણઝારાને રૂ. 30 લાખ અને બે મકાન આપવાની લાલચ અપાઈ હોવાનો મોટો ખુલાસો થયો છે.

શહેરના સોમાતળાવ ચાર રસ્તા પાસે આવેલા સ્વાગત પાર્ટી પ્લોટ બહાર નવરાત્રિ દરમિયાન નિલેશ વણઝારાની હત્યા કરવામાં આવી હતી. એલસીબી ઝોન-3 અને કપુરાઈ પોલીસની ટીમે આ ચકચારી કેસમાં ચાર આરોપીઓને ઝડપી પાડીને હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે જૂની અદાવતનો બદલો લેવા માટે આ ઘાતક કાવતરું ઘડવામાં આવ્યું હતું. આ કેસમાં પકડાયેલા પુનમ અમરસિંહ વણઝારા, વિક્રમ ગોરધનભાઈ વણઝારા, સતિષ ઉર્ફે ગલ્લો મોહનભાઈ દેવીપૂજક અને વિજયકુમાર ઉર્ફે વિજુ ઉર્ફે બ્રીજેશ દિનેશ વણઝારાને વધુ તપાસ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કપુરાઈ પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.સી. રાઓલ સહિતની ટીમે આરોપીઓની સઘન પૂછપરછ માટે આઠ દિવસના રિમાન્ડની માગણી કરી હતી, જેની સામે કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. રિમાન્ડ દરમિયાન પોલીસ હત્યામાં વપરાયેલું ચપ્પુ ક્યાંથી ખરીદવામાં આવ્યું હતું તેની તપાસ કરશે તેમજ આરોપીઓના મોબાઈલ સીડીઆર (CDR) મેળવીને તેમના પરસ્પર સંપર્કોની કડીઓ જોડશે. પોલીસ સમક્ષ સૌથી મોટો સવાલ એ છે કે પુનમને તેના પુત્રની હત્યાનો બદલો લેવા માટે રૂ. 30 લાખ અને બે મકાન આપવાની લાલચ અપાઈ હતી, તો આટલી મોટી રકમ અને મિલકતોની વ્યવસ્થા કોણ કરવાનું હતું? આ કાવતરા પાછળ અન્ય કોઈ માસ્ટરમાઈન્ડ કે અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવશે. આરોપીઓ લુણાવાડા ખાતેથી ઝડપાયા હોવાથી તપાસ અર્થે પોલીસ તેમને ત્યાં પણ લઈ જઈ શકે છે. પોલીસે અગાઉ 100થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસીને હત્યામાં વપરાયેલું ચપ્પુ પણ કબજે કર્યું છે. આગામી દિવસોમાં રિમાન્ડ દરમિયાન આ કાવતરાના વધુ રહસ્યો બહાર આવે તેવી પૂરી શક્યતા છે.

### તહેવારોના ટાણે જ આર્થિક સંકટ ઘેરું બન્યું

# અફસરોનો પગાર સમયસર, કોન્ટ્રાક્ટ કર્મચારીઓ બે મહિનાથી વંચિત

**કોન્ટ્રાક્ટરની** મનમાની સામે સંબંધિત અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યાનો આરોપ

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા મહાનગરપાલિકામાં અધિકારીઓ અને નિયમિત કર્મચારીઓને દર મહિનાની ૧૦ તારીખ સુધીમાં પગાર મળી જાય છે, પરંતુ કોન્ટ્રાક્ટ હેઠળ ફરજ બજાવતા હજારો કર્મચારીઓ સાથે ઓરમાયું વર્તન કરવામાં આવી રહ્યું છે. ઝોન અને પાલિકા વિભાગોમાં વિવિધ કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા આ કર્મચારીઓને દર મહિને ૨૦થી ૨૫ તારીખ સુધી કે ક્યારેક બબ્બે મહિના સુધી પગાર માટે રાહ જોવી પડે છે, જેના કારણે કર્મચારીઓમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે.

કોન્ટ્રાક્ટ કર્મચારીઓની આ મુશ્કેલીઓ તહેવારોના સમયે વધુ ગંભીર બની જાય છે. દિવાળીનો મોટો તહેવાર નજીક હોવા છતાં હાથમાં વેતન ન આવવાના કારણે તેઓ ઘોર આર્થિક સંકટમાં મુકાયા છે. આજના મોંઘવારીના જમાનામાં ઘર ચલાવવું, બાળકોની સ્કૂલ ફી ભરવી, દૂધ-શાકભાજી અને અન્ય રોજિંદી જરૂરિયાતો પૂરી કરવા માટે કર્મચારીઓને મિત્રો કે સગા સંબંધીઓ પાસેથી વ્યાજે નાણાં ઉછીના લેવાની લાચાર સ્થિતિ સર્જાઈ છે.

કોન્ટ્રાક્ટરો દ્વારા વારંવાર કરાતા વિલંબ છતાં કોર્પોરેશનના સંબંધિત અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. નિયમ મુજબ કોન્ટ્રાક્ટ આપ્યા બાદ કર્મચારીઓને સમયસર વેતન મળે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી પાલિકા તંત્રની છે, પરંતુ અધિકારીઓ આ પ્રત્યે બેદરકાર બન્યા છે. કર્મચારીઓની પ્રબળ માંગ છે કે તંત્ર દ્વારા કોન્ટ્રાક્ટરો સામે કડક પગલાં લેવામાં આવે.

### નો-એન્ટ્રીમાં ઘૂસેલા ડમ્પરને રોકતાં ટ્રાફિક પોલીસ સાથે ચાલકની દાદાગીરી

# 'આ લુખ્ખાઓ ગાડી રોકે તો તેમના પર ગાડી ચડાવી દેજો'

**ગાડીનો** ફોટો પાડવા જતા લોકરક્ષકનો મોબાઇલ પણ છીનવી ફેંક્યો

**તમે** લોકો મને ઓળખતા નથી હું મેહુલ ભરવાડ કોઈની તાકાત નથી મારી ગાડી જમા કરે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

વડોદરા શહેરમાં કાયદાનું પાલન કરાવતા ટ્રાફિક પોલીસકર્મીઓ સાથે દાદાગીરી અને ધમકી આપવાની ગંભીર ઘટના સામે આવી છે. નો-એન્ટ્રીમાં પ્રવેશેલા ડમ્પરને રોકી પરમિટ માગતાં ડ્રાઈવર અને તેના સાગરીતે પોલીસકર્મીઓ સાથે ગાળાગાળી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે મકરપુરા પોલીસ મથકમાં ગુનો નોંધાતાં આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેર ટ્રાફિક શાખા (પૂર્વ)ના પીએસઆઈ એ.એસ. ચૌધરી અને લોકરક્ષક અશ્વિનકુમાર ખુશાલજીભાઈ તરસાલી રોયલ વિસ્તારમાં ચેકિંગમાં હતા. તે દરમિયાન તરસાલી બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશેલા એક ડમ્પરને રોકવામાં આવ્યું હતું. ડમ્પરચાલક રમેશભાઈ પર્વતસિંહ રાવત (રહે. મિઢાલી, પંચમહાલ) પાસે શહેરમાં પ્રવેશ માટેનો જરૂરી પાસ કે પરમિટ નહોતી. જાહેરનામાના ભંગ બદલ ડમ્પર ડિટેઈન કરવાની વાત થતાં ચાલકે મેહુલ ભરવાડ નામના શખ્સને ફોન કરીને બોલાવ્યો હતો. થોડીવારમાં XUV ગાડી લઈને પહોંચેલા મેહુલ ભરવાડે રોફ જમાવતા કહ્યું, "તમે મને ઓળખતા નથી, કોઈની તાકાત નથી કે મારી ગાડી જમા કરે."

ત્યારબાદ તેણે ડ્રાઈવરને પોલીસ સામે જ ઉશ્કેરતાં કહ્યું કે, "આ લુખ્ખાઓ ગાડી ઉભી રખાવે તો એમની ઉપર ગાડી ચડાવી દેવાની."* તેણે કાયદાના રક્ષકોને જોઈ લેવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઘટના દરમિયાન લોકરક્ષક અશ્વિનકુમારે પોતાના ફોનમાં આ સમગ્ર બનાવના ફોટા પાડવાનો પ્રયાસ કર્યો હતો. જેથી ઉશ્કેરાયેલા મેહુલ ભરવાડે તેમનો મોબાઈલ ફોન છીનવીને નીચે ફેંકી દીધો હતો અને પોતાની કાર લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. સરકારી ફરજમાં રુકાવટ ઊભી કરવા, દાદાગીરી કરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે આરોપીઓને પકડવા તજવીજ હાથ ધરી છે.

## VMC ફાયર વિભાગ ભરતી: OMR શીટ અને આન્સર કી જાહેર

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૮ ઓક્ટોબરે યોજાયેલી ફાયરમેન, સબ ઓફિસર અને સ્ટેશન ઓફિસરની પરીક્ષાની OMR શીટ અને પ્રોવિઝનલ આન્સર કી સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરાઈ છે.

ઉમેદવારો ૨૨ ઓક્ટોબર બપોરે ૪ વાગ્યાથી ૩૧ ઓક્ટોબર રાત્રે ૧૨ વાગ્યા સુધી પોતાની OMR શીટ ડાઉનલોડ કરી શકશે. જો કોઈ જવાબ સામે વાંધો કે સૂચન હોય, તો નિર્ધારિત સમયમર્યાદામાં જરૂરી આધાર-પુરાવા સાથે વેબસાઈટના ભરતી વિભાગ મારફતે રજૂઆત કરવાની રહેશે. મર્યાદા બાદ કે આધાર વગરના વાંધા ધ્યાને લેવાશે નહીં.

ઉલ્લેખનીય છે કે, આંતરિક અને સીધી ભરતીમાં ૫૦:૫૦નો ગુણોત્તર ન જળવાતો હોવાનો આરોપ મૂકી ફાયર કર્મચારીઓએ અગાઉ ભરતી પ્રક્રિયા પર સવાલો ઉઠાવ્યા હતા.

### કેનાલ પાસે જોઈન્ટ મારતી વખતે એરફોર્સની લાઈનમાં ભંગાણ પડ્યું

# નિમેટા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાસે લાઈનો લીક થતાં જળ સંકટ જેવી સ્થિતિ

**યુદ્ધના ધોરણે** રિપેરિંગ કામગીરી શરૂ : કોર્પોરેશનની લાઇનના લીકેજ પાછળનું કારણ તપાસ બાદ ખુલશે



(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા શહેરમાં પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાવાની મોટી ઘટના સામે આવી છે. શહેરના નિમેટા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ત્યાંથી આશરે એક કિલોમીટર દૂર કેનાલ પાસે એમ બે અલગ અલગ જગ્યાએ પાણીની લાઈનમાં લીકેજની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. આ દુર્ઘટનાને પગલે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કેનાલ પાસે આવેલી એરફોર્સની લાઈનમાં થયેલું લીકેજ હાલ બંધ કરી દેવામાં આવ્યું છે, જ્યારે નિમેટા પ્લાન્ટ પાસે પાણીના ભારે પ્રવાહ વચ્ચે પણ રિપેરિંગ કામગીરી ચાલુ છે. કેનાલ પાસે જોઈન્ટ મારવાની કામગીરી દરમિયાન અકસ્માતે એરફોર્સની લાઈનમાં ભંગાણ પડી ગયું હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે કોર્પોરેશનની લાઈનમાં થયેલું આ લીકેજ કુદરતી છે કે અન્ય કોઈ કારણોસર છે તે સત્તાવાર તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

આ ગંભીર લીકેજ અને ભંગાણને કારણે લાખો લીટર શુદ્ધ પાણીનો વેડફાટ થયો છે અને અંદાજે આસપાસના પાંચ કિલોમીટર સુધીના વિસ્તારના માર્ગો ઉપર પાણી ફરી વળ્યા છે, જેના કારણે સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. એક તરફ પાણીની લાઈનોમાં ભંગાણથી પાણી વેડફાયું છે, તો બીજી તરફ વડોદરા માટે મહત્વપૂર્ણ ગણાતા આજવા ડેમની સપાટી હાલ ૨૦૮ ફૂટે પહોંચી ચૂકી છે.

## ૨૫ લાખની ઠગાઈ કેસ: આગોતરા જામીન ફગાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરામાં સરકારી નોકરી અપાવવાના બહાને રૂ. ૨૫ લાખ મેળવી લેવાના આક્ષેપ કેસમાં અમદાવાદના બે અરજદારો શૈલેષ ચૌધરી અને નીલમ ગઢવીની આગોતરા જામીન અરજી કોર્ટે નામંજૂર કરી છે. કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી અરજી સંદર્ભે ધરપકડની આશંકાએ બંનેએ અરજી કરી હતી.

અરજદારોના વકીલે દલીલ કરી હતી કે ૨૫ લાખની નહીં, પરંતુ માત્ર ૫ લાખની લોનની લેવડદેવડ થઈ હતી, જે અંગે ચેક રિટર્નનો કેસ પેન્ડિંગ છે. સામે પક્ષે સરકારી વકીલે જામીન અરજીનો સખત વિરોધ કર્યો હતો.

હજુ સુધી સત્તાવાર એફઆઈઆર નોંધાઈ ન હોવા છતાં, બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આ અરજી ફગાવી દીધી છે.

### MSUની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક પૂર્વે અસ્થાયી કર્મચારીઓનો હંગામો

# ફિક્સ પગારના કર્મચારીઓનું હેડ ઓફિસ ખાતે હલ્લાબોલ, ઉગ્ર રજૂઆત

**૨૫ વર્ષથી** ભરતી નહીં, ૨૫૦+ સ્ટાફે EC સભ્યોને ઘેર્યા,પીએફ અને પગાર વધારાની માંગ સાથે સૂત્રોચ્ચાર



(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

એમ.એસ. યુનિવર્સિટીની મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક પૂર્વે ભારે હંગામો મચ્યો હતો. 25 વર્ષથી કાયમી ભરતી ન થતા 250થી વધુ નોન-ટીચિંગ અસ્થાયી કર્મચારીઓએ હેડ ઓફિસ ખાતે ઈસી સભ્યોને ઘેરી લઈ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

ફિક્સ પગાર પર ફરજ બજાવતા કર્મચારીઓ મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને સૂત્રોચ્ચાર સાથે પોતાની પડતર માંગણીઓ રજૂ કરી હતી. કર્મચારીઓએ ઈસી મેમ્બર, રજિસ્ટ્રાર અને વાઈસ ચાન્સેલર સમક્ષ આવેદન પાઠવી પીએફ લાગુ કરવા અને પગાર વધારાની માંગ કરી હતી. કર્મચારીઓના જણાવ્યા મુજબ, છેલ્લા 25 વર્ષથી યુનિવર્સિટીમાં કાયમી ભરતી કરવામાં આવી નથી. ફિક્સ પગારમાં કોઈ વધારો થતો નથી અને પીએફ સહિતની મૂળભૂત સુવિધાઓથી પણ તેઓ વંચિત છે. વારંવાર રજૂઆત છતાં પ્રશ્નોનો ઉકેલ ન આવતા આજે કર્મચારીઓએ એકજૂટ થઈ હલ્લાબોલ કર્યો હતો. પડતર માંગણીઓનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે તેવી કર્મચારીઓએ માંગ કરી છે.